Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**સિન્ડિકેટની ખાસ સભા**

**ફકત સભ્યોની જાણ માટે** **તા.૨૪–૨/૩–૩– ૨૦૧૧**

સિન્ડિકેટની ખાસ સભા ગુરૂવાર, તા. ૨૪ – ૨ – ૨૦૧૧ના રોજ બપોરે ૧–૦૦ કલાકે અને આ મુલતવી રહેલ (Adjourn) સભા ગુરૂવાર તા.૩ – ૩ – ૨૦૧૧ના રોજ બપોરે ૧:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

**: કાર્યવાહી :**

| ક્રમ | સભ્યોના નામ | તા.૨૪– ૨–૨૦૧૧ | તા.૩– ૩–૨૦૧૧ |
|---|---|---|---|
| ૧. | ડૉ. બી. એ. પ્રજાપતિ(માનનીય કુલપતિશ્રી) | હાજર | હાજર |
| ૨. | ––– | ––– | ––– |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર | ગેરહાજર |
| ૬. | આ.ડૉ. ઉપેન્દ્રભાઈ ઠાકોરભાઈ દેસાઈ | હાજર | હાજર |
| ૭. | આ. ડૉ. કિશોરકુમાર નટવરસિંહ ચાવડા | હાજર | હાજર |
| ૮. | શ્રી વાસદિયા કિરિટસિંહ જશવંતસિંહ | હાજર | હાજર |
| ૯. | –––– | –––– | –––– |
| ૧૦. | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા | હાજર | હાજર |
| ૧૧. | શ્રી સંજયકુમાર ઈશ્વરલાલ દેસાઈ | હાજર | હાજર |
| ૧૨. | શ્રી કિશોરભાઈ રામજીભાઈ વાઘેલા | હાજર | હાજર |
| ૧૩. | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા | ગેરહાજર | હાજર |
| ૧૪. | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા | હાજર | હાજર |
| ૧૫. | ડૉ. મહેન્દ્રસિંહ દોલતસિંહ ચૌહાણ | હાજર | હાજર |
| ૧૬. | આ. ડૉ. વિપીનકુમાર દયાળજી નાયક | હાજર | હાજર |
| ૧૭. | શ્રી દિનેશભાઈ દેવશીભાઈ દાસા | હાજર | હાજર |
| ૧૮. | ડૉ. ઘનશ્યામભાઈ દિનેશચંદ્ર રાવલ | હાજર | હાજર |
| ૧૯. | ડૉ. વિક્રમભાઈ બળવંતરાય દેસાઈ | હાજર | હાજર |
| ૨૦. | ડૉ. મોહિનીબેન ગઢિયા | હાજર | હાજર |

૧. (૧) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું ચાલું નાણાંકીય વર્ષ : ૨૦૧૦ – ૨૦૧૧નું સુધારેલ તથા સને ૨૦૧૧ – ૨૦૧૨નું અંદાજપત્ર તા.૨૧ –૨–૨૦૧૧ના રોજ મળનાર નાણાં સમિતિની મંજૂરીની અપેક્ષાએ તૈયાર કરેલ અંદાજપત્ર પર વિચારણા કરવા બાબત.....

(૨) આગામી માર્ચ – ૨૦૧૧માં મળનાર સેનેટની વાર્ષિક સભામાં અંદાજપત્ર કયા સભ્ય દ્વારા રજૂ **(MOOV)** કરાવવું તે નકકી કરવા બાબત....

(હિસાબી)

:: **તા. ૨૪ –૨–૨૦૧૧ની સિન્ડિકેટની સભામાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું ચાલું નાણાંકીય વર્ષ : ૨૦૧૦ – ૨૦૧૧નું સુધારેલ તથા સને ૨૦૧૧ – ૨૦૧૨નું અંદાજપત્રમાંની વિસંગતતાઓ ધ્યાને લઈ નવી પેર્ટન તૈયાર કરવા માટે કુલપતિશ્રીના અધ્યક્ષ પદે(૧) આ. ડૉ. યુ. ટી. દેસાઈ (૨) આ. ડૉ. વી. ડી. નાયક (૩) આ. ડૉ. કે. એન. ચાવડાની સમિતિની નિમણૂંક કરવાનું તથા સમિતિ દ્વારા તૈયાર કરવામાં આવનાર અંદાજપત્ર તા.૦૩/૦૩/૨૦૧૧ના રોજ Adjourn થયેલ સિન્ડિકેટમાં રજૂ કરવાનું ઠરાવવામાં આવેલ હતું.**

**ઉપરોકત સંદર્ભે સમિતિ દ્વારા અંદાજપત્ર સુધારા વધારા સાથે તૈયાર કરવામાં આવ્યું હતુ જે Adjourn થયેલ સિન્ડિકેટમાં રજૂ કરાતાં સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ દ્વારા તૈયાર કરવામાં આવેલ સુધારા–વધારા સાથેનું બજેટ પસાર કરવામાં આવે છે. વધુમાં સેનેટની વાર્ષિક સભામાં આ બજેટ શ્રી દિપકભાઈ આઈ. આફ્રિકાવાલા પાસે રજૂ (MOOV) કરાવવું.**

**વધુમાં બહુમતીથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બજેટ સેનેટમાં પસાર કરાવવા માટે સેનેટની વાર્ષિક સભા સ્ટેટયુટ – ૯૭ ની જોગવાઈ પ્રમાણે આયોજીત કરી દરેક સેનેટ સભ્યોને ૪૨ (બેત્તાલીસ) દિવસ પહેલા તેની નકલો પહોંચે તે રીતે મોકલવાનું ઠરાવવામાં આવે છે.**

૨. સને ૨૦૦૯–૨૦૧૦ના વર્ષનો ૪૪માં વાર્ષિક અહેવાલનો ખરડો તૈયાર કરવા માટે માનનીય કુલપતિશ્રીએ સિન્ડિકેટવતી નિયુકત કરેલ સમિતિએ તૈયાર કરેલ યુનિવર્સિટીનો ૪૪માં વાર્ષિક અહેવાલનો ખરડો મંજૂર કરવા, તેમજ મંજૂર કરેલ પ્રસ્તુત અહેવાલ આગામી સેનેટની વાર્ષિક સભામાં કયા સભ્યશ્રી પાસે રજૂ **(MOOV)** કરાવવો તે અંગે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ દ્વારા તૈયાર કરવામાં આવેલ સુધારા–વધારા સાથેનો વાર્ષિક અહેવાલ પસાર કરવામાં આવે છે. વધુમાં સેનેટની વાર્ષિક સભામાં આ વાર્ષિક અહેવાલ આચાર્ય ડૉ. વિક્રમભાઈ બી. દેસાઈ પાસે રજૂ (MOOV) કરાવવો.**

**વધુમાં બહુમતીથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત વાર્ષિક અહેવાલ સેનેટમાં પસાર કરાવવા માટે સેનેટની વાર્ષિક સભા સ્ટેટયુટ – ૯૮ ની જોગવાઈ પ્રમાણે આયોજીત કરી દરેક સેનેટ સભ્યોને ૪૨ (બેત્તાલીસ) દિવસ પહેલા તેની નકલો પહોંચે તે રીતે મોકલવાનું ઠરાવવામાં આવે છે.**

૩. યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના પ્રોફેસર એન્ડ હેડ, ડૉ.સગુણા પાથી તથા ગણિતશાસ્ત્ર વિભાગના પ્રોફેસર એન્ડ હેડ ડૉ. પી. એચ. ભાઠાવાલા વય મર્યાદાથી નિવૃત્ત થયેલ હોય સ્ટેટયુટ ૨૯૩ની જોગવાઈ અંતર્ગત તે વિભાગોના વડાશ્રીઓની નિમણુંક કરવા અંગે વિચારણા કરવા બાબત.

**(નોંધ : સમાજશાસ્ત્ર અનુસ્નાતક વિભાગમાં ડૉ.પરવેઝ એ. અબ્બાસી તથા ગણિતશાસ્ત્ર વિભાગમાં ડૉ.એમ. જી. તિમોલ ઈ. ચા. વડાશ્રી તરીકે ફરજ બજાવી રહ્યા છે.)**

(વહીવટી)

:: **ઉપરોકત બાબતે ચર્ચા–વિચારણા દરમ્યાન આ. ડૉ. વી. ડી. નાયકે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કરેલ હતો.**

**ગણિતશાસ્ત્ર વિભાગમાં ફરજ બજાવતા Senior Most Professor ડૉ.હરિશ ડોકટરને યુનિવર્સિટીના સ્ટેટયુટ – ૨૯૩ની જોગવાઈ અનુસાર તાત્કાલિક અસરથી ગણિતશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ તરીકે નિયુકત કરવા તથા સમાજશાસ્ત્ર વિભાગમાં ફરજ બજાવતા Senior Most Professor ડૉ.પરવેઝ અબ્બાસીને યુનિવર્સિટીના સ્ટેટયુટ – ૨૯૩ની જોગવાઈ અનુસાર તાત્કાલિક અસરથી સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ તરીકે નિયુકત કરવા.**

**આ. ડૉ. વિ. ડી. નાયકના પ્રસ્તાવના સંદર્ભમાં શ્રી હોશંગ મીરઝા દ્વારા Point of Order ઉઠાવવામાં આવેલ હતો. (બિડાણ–૧) જેના સંદર્ભમાં શ્રી હેમંત ટોપીવાલાએ શ્રી હોશંગ મીરઝા દ્વારા ઉઠાવવામાં આવેલ Point of Order ને ગેરબંધારણીય હોવાનું જણાવ્યું હતું. (બિડાણ–૨)**

**ઉપરોકત બાબતે આ. ડૉ. વી ડી. નાયકના પ્રસ્તાવને મતદાન પર મૂકાતા બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, ગણિતશાસ્ત્ર વિભાગમાં ફરજ બજાવતા Senior Most Professor ડૉ.હરિશ ડોકટરને યુનિવર્સિટીના સ્ટેટયુટ – ૨૯૩ની જોગવાઈ અનુસાર તાત્કાલિક અસરથી ગણિતશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ તરીકે નિયુકત કરવા તથા સમાજશાસ્ત્ર વિભાગમાં ફરજ બજાવતા Senior Most Professor ડૉ.પરવેઝ અબ્બાસીને યુનિવર્સિટીના સ્ટેટયુટ – ૨૯૩ની જોગવાઈ અનુસાર તાત્કાલિક અસરથી સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ તરીકે નિયુકત કરવા.**

**(પરિશિષ્ટ : " ક ")**

૪. યુનિવર્સિટી સ્ટેટયુટ ૧૯૯ અન્વયે સને ૨૦૦૯/ ૨૦૧૦ના વર્ષના યુનિવર્સિટીના હિસાબો અંગે બોર્ડ ઓફ એકાઉન્ટસનો અહેવાલ અને તેના પર ઓફીસે તૈયાર કરેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.....

(હિસાબી)

:: **સદર અહેવાલની નોંધ લેવી.**

**૫.** શૈક્ષણિક વર્ષ ૨૦૧૦ – ૨૦૧૧થી અનુસ્નાતક કક્ષાએ ( M. A, M.Com તથા M. Sc)માં સેમીસ્ટર પધ્ધતી તથા ગ્રેડીગ પધ્ધતી અમલમાં આવતા સિન્ડિકેટ તા. ૩ –૧૨ – ૨૦૧૦ના ઠરાવ ક્રમાંક : ૩૬થી M. A, M.Com, M. Sc. ની મધ્યશત્ર પરીક્ષાઓ (ઓકટોબર, નવેમ્બર, ડીસેમ્બર) દરમ્યાન પુન : મુલ્યાંકનની જોગવાઈ રદ કરવામાં આવી હતી.

તાજેતરમાં સેમીસ્ટર – ૧ના પરીણામો જાહેર થયા બાદ વિવિધ કોલેજોના આચાર્યો તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે સેમીસ્ટર પધ્ધતી પ્રમાણે ચાલતાં અન્ય અભ્યાસક્રમો જેમ કે BBA, BCA, B.E.માં પ્રત્યેક સેમીસ્ટરમાં રી–એસેસમેન્ટની જોગવાઈ હોઈ M. A, M.Com તથા M.Sc.માં પણ પુનઃ મૂલ્યાંકનની જોગવાઈ ચાલુ રાખવાની રજૂઆત કરવામાં આવી હતી. સેમીસ્ટર – ૨ની પરીક્ષાઓ ટુંક સમયમાં યોજાનાર છે તે ધ્યાને લઈ વિદ્યાર્થીઓના વિશાળ હિતમાં મા. કુલપતિશ્રીએ M.A, M.Com તથા M. Sc. માં પણ પુનઃ મૂલ્યાંકનની જોગવાઈ નિયમાનુસાર ચાલુ રાખી છે. જે બાબત જાણ સારૂ.

(પરીક્ષા)

**:: સદર બાબતની નોંધ લેવી.**

**અધ્યક્ષશ્રીનો આભાર માની સભા બરખાસ્ત થઈ.**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત. **કુલસચિવ**

ક્રમાંક : એસ – ૧ (૧)/ ૨૨૭૪/૨૦૧૧.

તા.૫–૩–૨૦૧૧.

પ્રતિ,

**સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ......**